**Capital World (Gujarati) Pg 5, 6th July 2022**

# વૈશ્વિક મંદીને લઈને અનિશ્ચિતતા વચ્ચે બિટકોઈનમાં સુધારો

» ભારતીય ક્રિપ્ટો વાયરનો આઈસી ૧૫ ઈન્ડેક્સમાં ૨.૪૮ ટકાનો ઘટાડો

**કેપિટલ સંવાદદાતા તા.૫**

ક્રીપ્ટોકરન્સી માર્કેટમાં મોટો સુધારો થયો હતો, પરંતુ પ્રોફિટ બુકિંગને લીધે એમાં ઘટાડો આવ્યો હતો. બિટકોઈન ઈન્ટ્રાડે ધોરણે ૨૦,૪૦૦ ડોલર સુધી પહોંચ્યા બાદ ૧૯,૮૦૦ની આસપાસ ટ્રેડ થઈ રહ્યો હતો.

અમેરિકા ચીનથી કરાતી આયાત પરની ડ્યૂટી હળવી કરશે એવી સંભાવનાને પગલે સ્ટોક્સ ફ્યુચર્સમાં વૃદ્ધિ થઈ હતી. જોકે, એ વધારે ક્ષણજીવી નીવડ્યો હતો. ફુગાવો હજી ઘટવાનું નામ લેતો નહીં હોવાથી



રોકાણકારો હજી સાવચેતીપૂર્વક વર્તી રહ્યા છે. અમેરિકામાં મંદીના ભણકારા પણ શમ્યા નથી.

અગાઉ, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ મંગળવારે સાંજે આઠ વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૨.૪૭ ટકા (૬૭૧ પોઈન્ટ) ઘટીને ૨૫૯૫૪ પોઈન્ટ બંધ રહ્યો હતો.